بسم اللہ الرحمن الرحیم

**સારાંશ ખુત્બા જુમ્મા સૈયદના હઝરત અમિરૂલ મોમિનીન ખલીફતુલ મસીહ પંજુમ અય્યદહુલ્લાહ તઆલા બિનસરિહિલ અઝીઝ, તા.21-04-2017 સ્થળ : જર્મની**

તશહુદ તઆઉઝ તથા સુરઃ ફાતેહાની તિલાવત બાદ હુઝુર અનવર ઐય્યદહુલ્લાહ તઆલા બિનસરિહિલ અઝીઝ એ ફરમાવ્યું :

અલ્લાહ તઆલાની દયા અને કૃપા છે કે આપણે હઝરત મસીહ મૌઉદ અ.સ.ને માન્યા છે અને આપની બૈઅતમાં સામેલ થયા છીએ. આ વાત આપણા ઈમાનોને વધારવાનું માધ્યમ હોવું જોઈએ કેમકે જો માન્યા પછી આપણે આપણા ઈમાન અને વિશ્વાસમાં નથી વધતા તો આ માનવાનો કોઈ લાભ નથી. વિના કોઈ હીન ભાવના તથા વિના કોઈ ભય આપણે ખુલ્લો ઈસ્લામનો સંદેશ પહોચાડવો જોઈએ. અમુક વાર છોકરા અને છોકરીઓ બંનેમાં આ ભાવના ઉત્પન્ન થઈ જાય છે કે મુસલમાનોની જે હાલત છે તથા જે આતંક અને ઉપદ્રવ તેમના તરફ મન્સૂબ કરવામાં આવે છે માટે ઈસ્લામ વિશે અધિક વાત ન કરીએ. જ્યારે કે બીજા મુસલમાનોની ગતિવિધિઓથી તો આપણામાં અધિક સાહસ પૈદા હોવો જોઈએ કે ઈસ્લામનો વાસ્તવિક ચહેરો દુનિયાને દેખાડીએ અને બતાવીએ કે આ ઈસ્લામના સત્ય હોવાનો પ્રમાણ છે જે અત્રે મુસલમાનોની દશા છે કેમકે આંહઝરત સ.અ.વ.એ ભવિષ્ય વાણી ફરમાવી હતી કે એક જમાનો આવશે જ્યારે મુસલમાનોમાં બગાડ પૈદા થશે, આતંક અન ઉપદ્રવ થશે અને તથાકથિત આલિમ લોકો તેનું કારણ હશે. ભૌતિક વાદ મુસલમાનો પર ગાલિબ થઈ જશે તથા તે સમયે મસીહ મૌઉદ વ મહદી મઅહૂદ જાહેર થશે તથા ઈસ્લામનો વાસ્તવિક ચહેરો દુનિયા સામે પેશ કરશે. આપણ તે અહેમદી છીએ જે આ મસીહ મૌઉદ ને માનનાર છીએ અને વાસ્તવિક ઈસ્લામનુ શિક્ષણ, જેના સુંદર માર્ગ આપણને હઝરત મસીહ મૌઉદ અ.સ.એ બતાવ્યા અને સિખવાડયા, તેના અનુસાર કર્મ કરનાર છીએ.

હુઝુર અનવરે ફરમાવ્યું કે હઝરત મસીહ મૌઉદ અ.સ. જે જમાઅતની સ્થાપના કરવા માટે આવ્યા હતા તે કેવળ આસ્થાનો સુધાર કરવા માટે જ ન હતી બલ્કે પ્રત્યેક સ્તર તથા પ્રત્યેક દ્રષ્ટિથી સુધાર કરનાર જમાઅત હતી. માટે આ અનુસાર આપણામાંથી પ્રત્યેકે આત્મ નિરીક્ષણ કરવુ જોઈએ કે આપણે તેની પ્રાપ્તિનો પ્રયાસ કરી રહ્યા છીએ કે નહી ? આ પ્રકૃતિક નિયમ છે કે જ્યારે આપણી સંખ્યા વધશે તો દુનિયાથી પરિચય પણ થશે અને જ્યારે દુનિયાથી પરિચય થશે તો આલોચના પણ વધશે તથા વધતી જઈ રહી છે. માટે આ વાતો આપણાથી અપેક્ષા કરે છે કે આપણામાંથી પ્રત્યેક પોતાના કર્મોના સ્તરને વધારે તથા હઝરત મસીહ મૌઉદ અ.સ.ની બૈઅતના ઉદ્દેશને પુરો કરે.

પાછલા કેટલાક દિવસોમાં જર્મનીના વિભિન્ન નગરોમાં મસ્જીદોના ઉદઘાટન તથા મસ્જીદોના નિર્માણ કરવાના પ્રોગ્રામો થયા. તેમાં સામેલ સ્થાનિક લોકો તથા સ્થાનિક રાજનૈતિક લોકોના સંબોધનોથી માલૂમ થાય છે કે અલ્લાહ તઆલાની કૃપાથી સ્થાનિક અહેમદીઓનું સ્થાનિક લોકો પર સારો પ્રભાવ છે પરંતુ મને આ પણ અનુભવ થયો કે ઈસ્લામની વાસ્તવિક તાલીમનું જે પ્રકારે પરિચય લોકોમાં થવો જોઈએ તે પ્રકારે નથી થયો કેમકે અનેક લોકોએ આ જ કહ્યું કે ઈસ્લામની આ વાસ્તવિક તાલીમની અમને ખબર જ ન હતી, અમારા વિચારમાં તો ઈસ્લામની તે જ ધારણા હતી જે મીડિયા અમોને દેખાડે છે.

હુઝુર અનવરે ફરમાવ્યું કે ઈસ્લામની વાતો આપણાથી સાંભળીને લોકો કેવી રીતે પોતાનો વિચાર બદલે છે તેના કેટલાક ઉદાહરણો હું આપું છું. એક ડૉકટરે કહ્યું કે આજે મેં તે ઈસ્લામ જોયું જે ધૃણા દ્વારા નહી બલ્કે પ્રેમ દ્વારા ફેલાય રહ્યો છે. એક મહિલા કહેવા લાગી કે જે વાતો આજ મેં સાંભળી છે, કદાપી કોઈ મુસલમાન લીડરથી નથી સાંભળી. એક મહિલા મિસ એસ્ત્રા કહેવા લાગી કે આજે તમારા ખલીફાએ મારા તે તમામ પ્રશ્નોના જવાબ આપી દીધા છે હું મારા મનમાં વિચારીને અહીયા આવી હતી. કહેવા લાગી કે મને આ વાતનો ભય છે કે આજ મેં એટલી સુદર વાતો સાંભળી અને કાલે જો ઈસ્લામના નામે કોઈ આતંકવાદી આક્રમણ કરી દે તથા લોકોનું ધ્યાન તેની તરફ થઈ જાય તો લોકો આ શાંતિ પૂર્ણ સંદેશને ભૂલી જશે. હુઝુરે ફરમાવ્યું કે આ સત્ય છે, આ જ રીતે થાય છે તથા મીડિયાની ખાસ કરીને આ ચેષ્ટા હોય છે કે ઈસ્લામનો સારો ચહેરો કદાપી દુનિયા સામે ન આવે માટે આપણું કામ છે કે આપણે આ પૈગામને જે પ્રેમ,

સદભાવના તથા અલ્લાહ અને તેના બંદાના અધિકારોની પૂર્તિ કરવાનો પૈગામ છે તેને ફેલાવવાનો પ્રયાસ કરતા ચાલ્યા જઈએ. ઈસ્લામના નામે પ્રત્યેક નકારાત્મક કાર્ય પછી જે આ કેટલાક તથાકથિત લોકો, તથાકથિત મુસલમાન કરે છે, આપણું કામ છે કે સકારાત્મક શિક્ષણ વિશ્વ સામે પેશ કરીએ. ફરમાવ્યું કે આપણા કેટલાક યૂનિવર્સિટીઓમાં અભ્યાસ કરતા છોકરા અને છોકરીઓની ધારણા છે કે શાયદ ઈસ્લામના જુના બુદ્ધિજીવીઓ તથા વિદ્વાનોને વાંચીને અથવા જુના ઈમામો તથા વલીઓના વર્ણન વાંચીને તેમનું જ્ઞાન ખુબ વધી ગયું છે અને તેમના જ્ઞાનનો કોઈ મુકાબલો નથી કરી શકતો. આ કીડો જો કોઈના મનમાં છે તો તેણે કાઢી નાખવો જોઈએ, જુના વલીઓ તથા વિદ્વાનોને હવે છોડો. ઝવે વાસ્તવિક જ્ઞાન તથા ઈસ્લામનો વાસ્તવિક ચિત્રણ હઝરત મસીહ મૌઉદ અ.સ.ના તર્ક શાસ્ત્રને વાંચીને જ મળી શકે છે. યાદ રાખો જે નિર્ણય હઝરત મસીહ મૌઉદ અ.સ. કર્યા છે તે જ વાસ્તવિક નિર્ણય છે તથા આપના તર્ક શાસ્ત્રના આધારે જે કુરઆન કરીમની વ્યાખ્યાઓ જમાઅતના ખલીફાઓએ કરી છે તે જ વાસ્તવિક વ્યાખ્યાઓ છે, તેને વાંચો અને પોતાનું જ્ઞાન વધારો. ફરમાવ્યું કે હઝરત મસીહ મૌઉદ અ.સ. આ યુગના અંતિમ નિર્ણાયક તથા મધ્યસ્ત બનીને આવ્યા હતા આપણે આ વાત દરેક સમયે પોતાની સામે રાખવી જોઈએ માટે જે કઈ આપે ફરમાવ્યું છે તે જ સત્ય છે તથા ઈસ્લામી તાલીમની વાસ્તવિકતા છે.

અલ્લાહ તઆલાએ જ્યારે હઝરત મસીહ મૌઉદ અ.સ.ને મોકલ્યા છે આ યુગના સુધાર માટે તો સીધો આપને જ્ઞાન પણ પ્રદાન કર્યો છે. હઝરત મસીહ મૌઉદ અ.સ. એક સ્થાને ફરમાવે છે કે જે વ્યકિત ઈમાન લાવે છે તેણે પોતાના ઈમાનથી યકીન અને વિવેક તરફ પ્રગતિ કરવી જોઈએ, ન એ કે તે પછી ગુમાનમાં કેદ થઈ જાય. ફરમાવ્યું કે યકીન વિના કઈ નથી હોતું ફરમાવ્યું કે હવે સ્વયં વિચારી લો તથા પોતાના દિલોમાં નિર્ણય કરો કે શું તમોએ મારા હાથ પર જે બૈઅત કરી છે અને મને મસીહ મૌઉદ અને હકમ અને અદલ માન્યો છે તો આ માન્યા પછી મારા કોઈ નિર્ણય અથવા કાર્ય પર જો મનમાં કોઈ રંજ થાય છે તો પોતાના ઈમાનની ચિંતા કરો. જો તમોએ સાચા દિલથૈ સ્વીકાર કરી લીધો છે કે મસીહ મૌઉદ વાસ્તવમાં હકમ છે તો પછી તેના આદેશ અને કાર્ય સામે પોતાના હથિયાર નાખી દો. ચુપ થઈ જાઓ, જે કહેવામાં આવ્યું છે તેને માનો તથા તેના નિર્ણયને સંમાનની નજરથી જુઓ જેથી તમે રસૂલુલ્લાહ સ.અ.વ.ના પવિત્ર કથનોનું આદર સંમાન કરનાર ઠહેરો. ફરમાવ્યું કે રસૂલુલ્લાહ સ.અ.વ.ની શહાદત કાફી છે, તે સંતુષ્ટિ આપે છે કે જે મસીહ મૌઉદ આવશે, તે તમારો ઈમામ હશે તથા તે હકમ અને અદલ હશે. જો આના પર સંતુષ્ટિ નથી થઈ તો પછી કયારે થશે. ફરમાવે છે કે હું જો સાચો નથી તો પછી જાઓ અને સાચાને શોધો તથા વિશ્વાસ કરો કે અત્રે કોઈ સાચો નથી મળી શકતો અને જો કોઈ સાચો ન મળે તો હું તે અધિકાર માંગુ છું જે રસૂલુલ્લાહ સ.અ.વ.એ મને આપ્યો છે.

આપ અ.સ.એ વિરોધીઓને સંબોધિત કરતા ફરમાવ્યું કે ખેદ છે, જો પવિત્ર મનથી મારી પાસે આવ્યા હોત તો હું તેમને તે ખુદા દેખાડતો જે ખુદાએ મને આપ્યો છે તથા તે ખુદા સ્વયં તેમના પર કૃપા કરતો અને તેમને સમજાવી દેતો પરંતુ તેમણે કંજૂસી અને ઈર્ષ્યાથી કામ લીધું, હવે હું તેમને કેવી રીતે સમજાવું. પરંતુ આપણે જે માનનાર છીએ આપણું કામ છે કે ફરીથી તે ખુદાથી સંબંધ સ્થાપિત કરીએ, દુનિયા દારીમાં ન પડી જઈએ, આ દુનિયા અસ્થાયી છે. માટે આપણે ચિંતા કરવી જોઈએ આગળના જહાનની પણ. આપે ફરમાવ્યું કે જ્યારે ઈન્સાન સાચા દિલથી સત્ય તરફ આવે છે તો બધા ફેસલા થઈ જાય છે પરંતુ જો કોઈ અપમાન અથવા છેડછાડ કરવાનો ઉદ્દેશ હોય તો કંઈ પણ નથી થઈ શકતું. ફરમાવ્યું કે હિજ્જુલ કિરામામાં ઈબ્ને અરબીના હવાલાથી લખ્યું છે કે મસીહ મૌઉદ જ્યારે આવશે તો તેને જુઠો તથા મૂર્ખ સમજવામાં આવશે તથા અહીં સુધી પણ કહેવામાં આવશે કે તે ધર્મમાં ફેરફાર કરે છે. અત્યારે એવું જ થઈ રહ્યું છે, આ પ્રકારના આરોપ મારા પર લગાવવામાં આવે છે, આ સંદેહોથી ઈન્સાન ત્યારે જ મુકિત પ્રાપ્ત કરી શકે છે જ્યારે તે પોતાની અનુસંધાનની પુસ્તક બંધ કરી લે તથા સ્વયં બહાના ન બનાવતો રહે, તે એક બાજુ મુકી દે. ફરમાવ્યું તેના બદલે તે આ ચિંતા કરે કે શું આ સત્ય છે કે નહી, તે જુઓ તથા આ વાત પર વિચાર કરો તથા અલ્લાહ તઆલાથી દુઆ માંગો કે આ સાચો છે કે નહી. કેટલીક વાતો, આપ ફરમાવે છે કે કેટલીક વાતો નિઃસંદેહ સમજવાથી ઉપર હોય છે પરંતુ જે લોકો પૈગમ્બરો પર ઈમાન લાવે છે તે સારા ગુમાન, સંતોષ તથા મજબૂત સંકલ્પ સાથે ઉચિત સમયની પ્રતીક્ષા

કરે છે તો અલ્લાહ તઆલા તેમના પર સત્ય જાહેર કરી દે છે. ફરમાવ્યું કે રસૂલુલ્લાહ સ.અ.વ.ના સમયે સહાબા પ્રશ્ન ન કરતા હતા બલ્કે પ્રતીક્ષા કરતા હતા કે કોઈ આવીને સવાલ કરે તો તે લાભ ઉઠાવતા હતા નહીતર ચુપ ચાપ માંથુ ઝુકાવીને બેઠા રહેતા અને સવાલ કરવાનો સાહસ ન કરતા હતા. ફરમાવ્યું કે મારી નજરમાં એક ઉત્તમ અને ઉચિત માર્ગ આ જ છે કે આદર કરે. જે વ્યકિત નબીના આદરને નથી સમજતો તથા તેને ધારણ નથી કરતો, સંદેહ છે કે તેનો વિનાશ ન થઈ જાય. પોતાના સાથીઓને પણ નસીહત કરી દીધી કે ખરાબ ધારણાઓ પણ ન હોવી જોઈએ, પ્રશ્ન, વગર કારણે ન કરવા જોઈએ.

હુઝુર અનવરે ફરમાવ્યું કે પહેલી વાત તો આ કે આપણે કોઈ હીન ભાવનાના શિકાર થવાની જરૂર નથી. અમુક મામલાઓમાં જો જુના બુઝુર્ગો તથા વલીઓના વિચાર છે તો આ હકમ અને અદલ સામે કોઈ મૂલ્ય નથી રાખતા. જ્યારે ખાતમુલ ખુલ્ફા અને ખાતમુલ અંબીયા અને મુજદ્દિદ આખિરૂજ્જમાં અને હકમ અને અદલ આવી ગયા તો પછી જે તેના નિર્ણય છે તથા જે તેમનું જ્ઞાન છે તથા જે તેમણે ઈસ્લામ વિશે જણાવ્યું તે જ સત્ય છે બાકી બધું ખોટું છે, આપણે બૈઅત પછી તેને પુરો કરવો છે.

બીજી વાત આ પણ યાદ રાખવી જોઈએ કે જે લિટ્રેચર અને પુસ્તકો હઝરત મસીહ મૌઉદ અ.સ.એ છોડી છે, તેને વાંચવી તથા તેનાથી જ્ઞાન પ્રાપ્ત કરવું, વાસ્તવિક ઈસ્લામ વિશે આપણને બતાવે છે. દૈનિક સમસ્યાઓ તથા મામલાઓમાં તેમના જ હવાલા આપણે આપવા જોઈએ અને આ અનિવાર્ય છે. માટે પ્રત્યેક અહેમદીએ આપ અ.સ.ના લિટ્રેચરથી સ્વયં પણ લાભ ઉઠાવવો જોઈએ અને આગળ પણ ફેલાવવા જોઈએ. આપણે આ વાતની ચિંતા ન કરવી જોઈએ કે દુનિયા શું કહેશે. આમ, આપણે ડરવાની કોઈ જરૂર નથી, જેને ધર્મમાં અનુચિત કહેવામાં આવ્યું છે તેને આપણે અનુચિત કહેવું છે. આ વાત પ્રત્યેક અહેમદીએ પોતાના મગજમાં બેસાડી લેવી જોઈએ. હઝરત મસીહ મૌઉદ અ.સ.એ જે કહ્યું હતું કે અધિક સવાલ ન કરવા જોઈએ, એટલા માટે કે તેનાથી સંપૂર્ણ આજ્ઞા પાલન જાહેર નથી થતો. માટે ફરમાવ્યું કે નબીની ઓળખવાની શકિત એવી હોય છે કે આવનારના જવાબ, તેમના મનમાં ઉત્પન્ન થનાર સવાલોને આપી દે છે. કેટલાક આવનાર આ કહી શકે છે મને, જે હું અત્યંત તુચ્છ સેવક છું હઝરત મસીહ મૌઉદ અ.સ.નો, કે અમારા મનમાં જે સવાલ હતા, આ ભાષણે અમારા પ્રશ્નોના જવાબ આપી દીધા તો નબીની ઓળખવાની શકિત તો અત્યાધિક હોય છે માટે પ્રત્યેક સૂક્ષ્મ બિંદુને ઓળખીને તે જવાબ આપી દે છે, સવાલ કરનારના. માટે આ ન સમજવું જોઈએ કે જવાબ કોઈ નથી, જવાબ છે પરંતુ માનનારનો આ પણ કામ છે કે આજ્ઞા પાલનનો સ્તર પણ બુલંદ કરે.

હઝરત મસીહ મૌઉદ અ.સ. એ વારંવાર પોતાની જમાઅતને ઉપદેશ આપ્યો છે કે તેમણે કેવા હોવા જોઈએ તથા તેમના ઈમાનની હાલત કેવી હોવી જોઈએ. આ સંદર્ભમાં પણ હું આપ અ.સ.નો એક વૃત્તાંત પેશ કરૂ છું જેથી બૈઅતનો હક અદા કરનાર આપણામાંથી પ્રત્યેક બની જાય. આપ પોતાની જમાઅતને ખુબ જરૂરી નસીહત કરતા ફરમાવે છે.

અત્રે જમાનો ખુબ ખરાબ થઈ રહ્યો છે અનેક પ્રકારના શિર્ક, નવી વાતો તથા બગાડ પૈદા થઈ ગયો છે. બૈઅત સમયે જે સંકલ્પ કર્યો હતો કે ધર્મને દુનિયા પર પ્રાથમિકતા આપીશ, આ પ્રતિજ્ઞા, ખુદા સામે સંકલ્પ છે હવે આના પર મૃત્યું સુધી ખુબ કાયમ રહો નહીતર સમજો કે બૈઅત નથી કરી. પોતાના અલ્લાહની ઈચ્છા અનુસાર પુરો તકવા ધારણ કરો. જમાનો ગુંચાયેલો છે, અલ્લાહનો અઝાબ જાહેર થઈ રહ્યો છે અને જે અલ્લાહની ઈચ્છા અનુસાર પોતાને બનાવી લેશે, તે પોતાના જીવન તથા પોતાની સંતાન તથા પેઢી પર દયા કરશે. દુનિયાની હાલત જે બગડી રહી છે અત્યારે, તેના પર વિચાર કરતા પ્રત્યેકે અલ્લાહ તઆલા તરફ અત્યધિક ઝુકવું જોઈએ. ખુબ યાદ રાખવું જોઈએ કે ખુદા તઆલાની અમુક વાતો ન માનવી, તેની તમામ વાતોને છોડવા બરાબર હોય છે. જો એક અંશ શૈતાનનો છે અને એક અલ્લાહનો તો અલ્લાહ તઆલા ભાગીદારીને પસંદ નથી કરતો. જો ખુદા તઆલા તરફ આવવું ખુબ મુશ્કેલ થાય છે તથા એક પ્રકારની મૃત્યું છે પરંતુ અંતિમ જીવન તેમાં જ છે. જો પોતાના અંદરથી શૈતાની અંશ કાઢીને ફેંકી દે છે તે

મુબારક ઈન્સાન છે તથા તેનું ઘર, તેની આત્મા તથા નગર બધા સ્થાનોએ તેમની બરકત પહોંચે છે પરંતુ જો તેના ભાગમાં થોડો આવ્યો છે તો તે બરકત નહ શે. જે રીતે એક ઈન્સાન આગળ તમે ઘણી બધી વાતો જબાનથી કરો અને કર્મ કોઈ ન કરો તો તે પ્રસન્ન ન થશે તેવો જ ખુદાનો મામલો છે તે તમામ સ્વાભિમાનીઓથી અધિક સ્વાભિમાની છે. ફરમાવ્યું કે બૂરાઈ બે પ્રકારની હોય છે, એક ખુદા સાથે શિર્ક કરવું, તેની મહાનતાને ન સમજવું, તેની ઉપાસના તથા આજ્ઞા પાલનમાં આળસ રાખવી. બીજી એ કે તેના બંદાથી સ્નેહ ન રાખવું તથા તેના અધિકારો ન આપવા. આ બંને પ્રકારની બૂરાઈ ન કરવી, ખુદાના આજ્ઞાપાલન પર કાયમ રહો, જે પ્રતિજ્ઞા તમોએ બૈઅતમાં કરી છે તેના પર કાયમ રહો, ખુદાના બંદાને તકલીફ ન આપો, કુરઆનને ખુબ ધ્યાન પૂર્વક પઢો, તેના આદેશ અનુસાન કર્મ કરો, પ્રત્યેક પ્રકારના હાસ પરિહાસ તથા અનર્થ અને શિર્કની સભાઓથી બચો. પાંચ સમયની નમાઝ કાયમ રાખો કહેવાનું એ કે અલ્લાહનો કોઈ આદેશ એવો ન હોય જે તમે છોડી રહ્યા હોવ. શરીરને પણ સ્વચ્છ રાખો તથા દિલને દરેક પ્રકારના અસંગત દ્વેષો તથા ઈર્ષ્યાથી શુદ્ધ કરો. આ વાતો છે જે ખુદા તમારાથી ઈચ્છે છે.

હુઝુર અનવરે ફરમાવ્યું કે પ્રત્યેકને આત્મ નિરીક્ષણની જરૂર છે કે કેટલી હદ સુધી પોતાને અનર્થ તથા શિર્કની સભાઓથી બચાવેલ છે. ફરમાવ્યું કે ઈન્ટરનેટ છે અથવા ટીવી છે અથવા કોઈ એવું કામ અથવા સભા છે જે નમાઝો તથા ઈબાદતોથી રોકે છે તો તે પણ મુશરિકાના સભા જ છે. માટે એટલી ગહેરાઈથી પોતાનું નિરીક્ષણ કરવાની જરૂર છે આપણે. આપ અ.સ.એ વિશેષ રૂપથી ધ્યાન અપાવ્યું કે પાંચ સમયની નમાઝોને કાયમ કરો તથા નમાઝોને કાયમ કરવી, જમાઅત સાથે નમાઝોની અદાયગી છે તથા નિયમ અનુસાર તથા સમયસર અદાયગી છે. મેં તો નિરીક્ષણ કર્યુ છે, મને તેમાં ખુબ કમી નજર આવે છે અહીયા પણ. તેવી જ રીતે જે સામાજીક બૂરાઈઓ છે કે આપસમાં પ્રેમ તથા સદાચારના કેટલાક લોકોમાં એવા ધોરણ નથી જે હોવા જોઈએ બલ્કે દ્વેષ, ઈર્ષ્યા અને ધૃણા જોવા મળે છે. માટે પોતાના કોલરમાં જોવાની પ્રત્યેકને જરૂર છે. બીજાને ન જુઓ કે કોઈ કેવો છે, પોતાનો સુધાર કરે, પોતાને જુએ. પોતાનો સુધાર કરી લેશે તો અન્ય બૂરાઈઓ પણ દુર થઈ જશે. કોઈ આ દાવો નથી કરી શકતો કે હું સંપૂર્ણ રૂપથી પવિત્ર છું.

આમ, હંમેશા પોતાની કમીઓ તથા ભૂલોના કારણે આપણે ઈસ્તિગફાર કરતા રહેવું જોઈએ. અલ્લાહ તઆલા આપણને આની તૌફીક આપે અને આપણે વાસ્તવમાં હઝરત મસીહ મૌઉદ અ.સ.ની બૈઅતમાં આવવાનો હક અદા કરનાર બનીએ. આમીન


| Khulasa Khutba Jumma Huzoor Anwar 21 April 2017 |
|---|
| BOOK POST (Printed Matter)<br><br>To.......................................................................................................<br>.......................................................................................................<br>.......................................................................................................<br><br>From: Masroor Manzil, Al-Aman society. Narol, Ahmedabad-382405 GUJARAT. |